નગરપાલિકા વિસ્તારમાં વિદ્યુત/ગેસ
આધારીત સ્મશાનગૃહો બનાવવા સહાયક
અનુદાન આપવા અંગે - કૈલાસધામ યોજના.

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ
ઠરાવ નં. વસમ/૧૧૨૦૧૦/SF-૬૧/ધ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૧/૧૨/૨૦૧૧

વંચાણે લીધા : શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનો તા. ૫-૧-૨૦૦૭નો ઠરાવ નં. વસભ-૧૧૨૦૦૬-૪૦૫૮-ર

ઠરાવ :

આમુખમાં દર્શાવેલ તા. ૫-૧-૨૦૦૭ના ઠરાવથી રાજ્યની નગરપાલિકા વિસ્તારમાં વિદ્યુત/ગેસ આધારિત સ્મશાન ગૃહો બનાવવા માટે સહાયક અનુદાન આપવા અંગેની કૈલાસધામ યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

૨. નગરપાલિકા વિસ્તારમાં આવેલ સ્મશાનગૃહોના આધુનિકરણ કામો માટે ઉપરની યોજના હેઠળ સહાયક અનુદાન આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાના અંતે સરકાર નગરપાલિકા વિસ્તારમાં નગરપાલિકાની માલિકીના સ્મશાનગૃહોના આધુનિકરણ માટે નીચે પ્રમાણેની સહાય આપવાનું ઠરાવે છે.

| નગરપાલિકાનો ખર્ચ | નગરપાલિકા દીઠ મળવાપાત્ર સહાયક અનુદાનની રકમ (લાખમાં) |
|---|---|
| અ | ૨૫ |
| બ | ૨૦ |
| ક | ૧૫ |
| ડ | ૧૫ |

૩. સ્મશાનના આધુનિકરણ માટે નીચે મુજબના કામો કરી શકાશે.

1) જમીન સમતળ કરવાનું કામ
2) કંપાઉન્ડ વોલ,
3) એન્ટ્રેસ પોર્ચ ગેટ સાથે.
4) ઓફીસ રૂમ, વોટરકુલર રૂમ એન્ડ મ્યુઝીક રૂમ.
5) ભગવાનની મૂર્તિ,ગ્લાસ કેબિનેટ સાથે.

6) સ્ટાફ ક્વાટર્સ (ચાર)

7) ડેડ બોડી અંતિમ સ્નાન પ્લેટ ફોર્મ (સ્વજનોને બેસવાની વ્યવસ્થા સાથે)

8) વુડન સ્ટોર રૂમ

9) લાકડાની ચીતા કેચી તથા છત સાથે (ત્રણ નંગ)

10) પ્રાર્થના હોલ

11) વોટર ટેંક અને પંપ હાઉસ.

12) પાર્થ વે વીથ પેવીંગ

13) ગાર્ડનીંગ

14) વનીકરણ તથ પાર્કિંગ વ્યવસ્થા

15) ગરમ પાણી માટે સોલાર સિસ્ટમ

16) ટોઈલેટ બ્લોક વીથ સાવર બાથ

17) બાળકો માટે સ્મશાંત ગૃહ વિકાસ સ્મૃતિવન સાથે

18) એંટ્રી આર.સી.સી. રોડ.

19) લાઈટ સીસ્ટમ.

20) મેઈન રોડ તથા ફરતા રોડના ફ્લોરીંગનું કામ

21) ગ્લાસ મોજેક-પ્રેયર હોલ માટે

22) અન્ડરગ્રાઉન્ડ પાઈપલાઈનની પાઈપો વિ.સામાન તથા મજૂરી

૪. આ અનુદાન મેળવવા માટે કરવાનાં થતા કામોના નક્શા તથા અંદાજો તૈયાર કરી તાંત્રિક મંજુરી સહિતની દરખાસ્ત ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડની વહીવટી મંજુરી તથા ગ્રાંટ ચુકવણી માટે કલેક્ટરશ્રીના અભિપ્રાય સહ ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડને મોકલવાની રહેશે.

સ્મશાનગૃહ નગરપાલિકાની માલિકીનું છે તે અંગેના આધાર-પુરાવા રજુ કરવાના રહેશે. નગરપાલિકા હસ્તકના એક કે તેથી વધુ સ્મશાન ગૃહોમાં સુધારણાની કામગીરી ઉપર જણાવેલ અનુદાનની મર્યાદામાં હાથ ધરી શકાશે. અનુદાનની મર્યાદા ઉપરની ખર્ચ નગરપાલિકાએ લોકભાગીદારીથી તથા સ્વભંડોળમાંથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.કે. શર્મા)
સેક્શન અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ